**દાહોદ ટાઉન એ ડિવીઝન પો. સ્ટે. ફ ગુર.નંબર– 11821011260247/2026 ના કામે મુદ્દામાલ અરજી લગત હુકમ :**
**આક્ષેપીત કલમો : બી.એન.એસ.– 303(2)**

---

વિ એ.પી.પી શ્રી પટેલીયા, અરજદાર તર્ફે વિધ્વાન વ શ્રી ડિ. પી. બામણીયા

૧. સદર કામે હાલના અરજદાર **જુલીયન જેમ્સ મેકવાન, JTO,BSNL** વાળાએ ઉપરોકત ગુન્હાના કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ પરત મેળવવા હાલની આ અરજ ગુજારેલ છે.

| | |
|---|---|
| મુદ્દામાલ નુ વર્ણન | (૧) ૮૦૦ Pair ના કોપરની ધાતુના કેબલ ૫ મિટર જેની આશરે કિ.રૂ.૧૦,૬૫૦/– (૨)૪૦૦ Pair ના કોપરની ધાતુના કેબલ ૧૦ મિટર જેની આશરે કિ.રૂ.૧૦,૭૦૦/– (૩) ૨૦૦ Pair ના કોપરની ધાતુના કેબલ ૧૫ મિટર જેની આશરે કિ.રૂ.૯૦૦૦/– (૪) ૧૦૦ Pair ના કોપરની ધાતુના કેબલ ૧૪ મિટર જેની આશરે કિ.રૂ.૪૨૦૦/– (૫) ૫૦ Pair ના કોપરની ધાતુના કેબલ ૨૧ મિટર જેની આશરે કિ.રૂ.૩૫૭૦/– (૬) જંપર વાયર એલ્યુમીનીયની ૨૫૦ આશરે કિ.રૂ.૫૦૦/– (૭) ૧૦ Pair ના સીટી બ્લોક ઉપર લાગેલ ક્રોન નંગ–૧૦૦૦ જેની આશરે કિ.રૂ.૨,૦૦,૦૦૦/–મળી કુલ રૂ.૨,૩૮,૬૨૦/– નો મુદામાલ. |
| આરોપીનુ નો કલેઈમ | **૧.ધર્મેશ દેવીપુજક, ૨.વિજય રમેશનુ એન. ઓ. સી. રજુ છે.** |
| વાહનનુ હાઈપોથીકેશન | – |
| ત.ક અભિપ્રાય | **OPENION PRODUCED BY I.O. EXH.5** |

૨. આ કામે ત.ક.અમલદારનો અભિપ્રાય મંગાવવામાં આવેલ છે. ત.ક.અમલદારે જણાયેલ કે તેમને શરતો આધિન છોડવા સામે ખાસ વાંધો દર્શાવેલ નથી. તેમજ વિ.એ.પી.પી.શ્રીએ પણ કોઈ વાંધો લીધેલ નથી. જયારે મુળ માલીક હોય તો તેને મુદ્દામાલ પરત આપવો જોઈએ. અહી ચોરી નો ગુનો છે તથા તે મુજબ આ રાઈટફુલ ઓનર છે. આરોપી માલીક હોય તેવો કેસ નથી. આરોપીઓએ નો–કલ ેઈમ રજુ રાખેલ છે અને તેમણે કલઈમ કરેલ નથી. આથી અરજી મંજુર કરવી જરૂરી જણાય છે. વળી આ કસ્ટડી ૪૯૭ મુજબ વચગાળાની આપવામાં આવે છે. ફાઈનલ કસ્ટડી નકકી કરી શકય તેમ છે. તથા વચ્ચેથી જો વિરુધ્ધનુ સાબીત થાય તો કસ્ટડી માં ફેરફાર કોર્ટ કરી શકે છે.

૩. સદર કામે વિ.વ.શ્રીની દલીલ છે કે, મુદ્દામાલ અરજદારની સંસ્થાની માલીકીનુ છે, જાહેર હિતના કામોમા ઉપયોગમા લેવાના સાધન છે અને જો વધુ સમય પો. સ્ટે.માં પડી રહે તો મુદામ્રાલ નકામા થઈ જાય અને તેનાથી અરજદારની સંસ્થાને ઘણું જ નુકસાન થાય તેમ છે તેમજ કોર્ટ જે શરતો ફરમાવે તે શરતોનુ પાલન કરવાની પણ અરજદાર ખાતરી આપે છે તો સદરહુ મુદ્દામાલ અરજદારને પરત સોં પવા રજુઆત કરેલ છે.

૪. આમ, આ કામે રજુ થયેલ રેકર્ડ ધ્યાને લેતાં સદરહુ મુદ્દામાલની માલીકી અરજદારની હોવાનુ ફલિત થાય છે અને તેથી વિ.વ.શ્રીની દલીલો નહી માનવાને કોઈ જ કારણ નથી. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે આપેલ ચુકાદો સુન્દરભાઈ અંબાલાલ દેસાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, પેજ– ૬૩૮ ધ્યાને લેતાં પણ અરજદારને મુદ્દામાલ પરત સોંપવું જોઈએ તેમ હું માનુ છું અને તેથી જો અરજદારને યોગ્ય શરતોને આધિન વચગાળાની કસ્ટડીમાં મુદ્દામાલ પરત સોંપવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેમ હું માનુ છું અને તેથી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

– બી.એન.એસ.એસ.૪૯૭ મુજબ ઉપરોકત જણાવેલ અરજદાર વાળાને મુદ્દામાલ **ઉપરોકત** ની મુદ્દમાલ પાવતીમાં જણાવેલ કિંમતથી દોઢી રકમના બોન્ડ તેમજ તેટલી જ રકમના જામીન તથા જાત મુચરકો ત.ક.સમક્ષ રજુ કર્યેથી નીચેની શરતોને આધિન વચગાળાની કસ્ટડીમાં પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. અરજદારને BSNL વતી મુદ્દામાલની સોંપણી કરવાનો હુકમ કરવામા આવે છે.

**શરતોઃ–** **અરજદારેઃ–**

૧. સદરહુ મુદ્દામાલના ત્રણ દીશાનાં ફોટા પડાવી તેની એક પો. સ્ટે.માં રાખવી અને એક કોપી કોર્ટમાં મોકલી આપવી. હુકમની યાદી કરવી.
હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

દાહોદ
તાઃ– **27/03/2026**

**( ડબલ્યુ આર મલીક )**
**GJ01144**
**CJM DAHOD**

CJM